# ચીમનભાઈ પટેલનાં નવાં કાવ્યો

## ક્યારે આવશે ભાન

એક ડાહ્યાને એવી ટેવ,
પ્રસાદ માટે પૂજે દેવ.

ન્હાયા વગર ન અડે,
નેતાઓના પગે પડે.

લસણ-ડુંગળી ના ખાય,
મસાલાથી મોઢું ગંધાય.

ફરે લઈ હાથમાં માળા,
ભક્તિના કરી લે ચાળા.

વાર તહેવારો ખૂબ કરે,
બોલે ત્યારે અંગારા ઝરે.

ગરજે ગધાડાને બાપા કહે
જીભ પર જાણે ગંગા વહે.

કપટ કરી કમાણી કરે,
માળાઓ ગળે નાખી ફરે.

બોધ બધાને બહુ આપે,
સ્વાર્થમાં આપણા પગ કાપે.

ડીગ્રી મેળવી ના’વ્યું જ્ઞાન,
ક્યારે આવશે ‘ચમન’ ભાન?

**ચીમન પટેલ ‘ચમન’**
૨૭ મે’૦૬

## મને ગમે !

રહો સદા નિકટ તો આ ઘર મને ગમે.
આંખ મિચોલી કરતી, નજર મને ગમે.

કરી બેસુ ભૂલો ઉતાવળમાં હું કદિક,
સમય સર મળતી, ખબર મને ગમે.

કવિતાઓ મારી વાંચી, સમજીને કદિક
તમારા સુરમાં સરતી, કદર મને ગમે.

વરસોના વર્ષે આમ વિતિ જશે આપણા,
તમારી સાથે મેરુની, સફર મને ગમે.

ભલે કહે લોકો પ્યારમાં હું પણ પાગલ,
તમારા બાહુપાશની, ભિતર મને ગમે.

તાલી એક હાથે પાડી શકાતી નથી કદિ
જિંદગીના સહિયારી, ચણતર મને ગમે.

ખુદા કરે ને મળે મૃત્યું 'ચમન' એવું,
એક બીજાને અડતી, કબર મને ગમે !

**ચીમન પટેલ 'ચમન'**
૨૪ માર્ચ '૦૭

## કોણ માનશે?

ચિરાગ હતો આ ઘરનો એ કોણ માનશે ?
મહેમાન  હતો પળનો  એ કોણ માનશે ?

ખિલતાં પહેલાં ફૂલને કોણે તોડી  લીધું ?
માળી નિકળ્યો મહિનો એ કોણ માનશે ?

ચોરાય છે  ચીભડા વાડીના નિત નિત,
વાડ ગળી જવાનું કહો એ કોણ માનશે ?

આપ્યું નહિ ધ્યાન એની વાતોને કોઇએ,
અવાજ હતો અંદરનો  એ કોણ માનશે?

નથી પાડ્યા આંસુ એકે એના મૃત્યુ પછી,
આંસુ ખૂટી ગયાનું કહો એ કોણ માનશે ?

સગાઇ ન સમજાઇ હતો એ પાસે જ્યારે,
યાદ કરી કરો ભજનો એ કોણ માનશે ?

યમના તેડાને જો રોકી શકાયું હોત તો,
મોભો હતો આ ઘરનો એ કોણ માનશે ?

ફાવી ગયું  જીવવું અંધકારમાં ‘ચમન’
દિપક તો બૂઝાઇ  ગયો એ કોણ માનશે ?

**ચીમન પટેલ ‘ચમન’**
૧જાનયું’૦૭

ચીમનભાઈ પટેલના જૂનાં કાવ્યો માટે અહિ ક્લીક કરો

## × પરિચય



નામ: ચીમન પટેલ 'ચમન'
અભ્યાસ: M.S. (Civil/Struct)
ધંધો: નિવૃત્ત
વતન: કૈયલ (ઉ. ગુજરાત)

સર્વવિદ્યાલય કડીમાં ગાળેલા અભ્યાસના સાત વર્ષ
જીવન ઘટતરમાં ઘણો ભાગ ભજવ્યો છે. જેને પરિણામે
સંગીત, ચિત્રકલા, કસરત, સાહિત્ય વગેરેમાં રસ જાળવી શકાયો છે.

ભારતમાં આઠેક વર્ષ કામ કરી વધુ અભ્યાર્થે ૧૯૬૭માં
હ્યુસ્ટન( ટેક્સાસ) આવ્યા ને આજ સુધીના એ વસવાટી છે.

૧૯૬૦ ગાળામાં બે વાર્તાઓ 'ચાંદનીમાં' અને એક વાર્તા
'નવવિધાન'માં પ્રગટ થઈ. હાસ્ય લેખોનું એમનું પુસ્તક 'હળવે હૈયે' ૧૯૯૭ બહાર પડ્યું ને હાસ્ય લેખક
તરીકે લોકપ્રિય બન્યા.

અન્ય 'હોબી'માં નિયમિત યોગ ને ચાલવાનું, ક્યારેક ફોટોગ્રાફી,
'ચારકોલ' ચિત્રકામ, હળવી ફ્લૂટ ને 'કી બોર્ડ'થી 'સ્ટ્રેસ'
હળવો કરી લે છે.

સંપર્ક:
ટેલિફોન: ૨૮૧-૪૯૫-૬૫૩૪
'ઈ મેલ' Chiman_patel@hotmail.com

## અનુક્રમ

### પ્રસંગોચિત કાવ્યો

૧. દિવાળી
૨. એક હાયકુ
૩. પતંગના પેચ (ઉતરાણ )
૪. ત્રણ હાઈકુ
૫. રંગ-રાગ (ધૂળેટી )
૬. ત્રણ હાઈકુ
૭. માતમાં (મધર'સ ડે)
૮. ચાર હાઈકુ
૯. ચૂટણીના ચણા
૧૦. ધરતી ધ્રૂજી (અમદાવાદની)
૧૧. બળવાખોર

### ગઝલ-હઝલ:

૧. દેશી
૨. 'લવ વાયરસ'
૩. ત્રણ હાઈકુ
૪. મળવાનું થયું !
૫. ચાલશે
૬. તમારા ગયા પછી
૭. ગળવો જોઈએ !
૮. નથી પરવા !
૯. ખાના પડતા હૈ !
૧૦. એક ગઝલ
૧૧ ત્રણ હાઈકુ
૧૨. મારે શું કરવું ?

### કાવ્યો :

૧. કહેવું કોને જઈને !
૨. કેમ રે સમજાવું ?
૩. મેં દિલ દીધુંના હોત !
૪. પ્રિતનું સુખ રે !
૫. પ્રિયે !
૬. સંતાપ
૭. શાને થઈ ઘેલી !
૮. શાંતિ
૯. ત્રણ નમન
૧૦. ઉકરાટ

### ગદ્ય-પદ્ય

૧. કંટ્રોલ
૨. કૂતરાઓ
૩. મલકાટ
૪. મૃત્યું પછી
૫. એક કાગળ
૬. રવિવાર
૭. વસ્ત્રો

### થોડાં હાઈકુ :

૧. થોડાં હાઈકુ :

## □ દિવાળી

કંઈ દિવાળીઓ આવીને ગઈ !
સાપ ગયા ને લિસોટા રહ્યા ભઈ.
કંઈ દિવાળીઓ આવીને ગઈ!

સાફ કરે સહું પોતાના ઘર
દિવો પ્રગટાવે અંધકાર પર
સારા કપડાં પહેરીને સૌ ફરે
બને વાનગીઓ સારી ઘરે ઘરે.

દિલની સાફસુફી કરવાની રહી,
કંઈ દિવાળીઓ આવીને ગઈ!

પૂજન કરી મેળવવું છે સુખ
દેવ દર્શનથી દૂર કરવું દુઃખ
મંદિરમાં જઈ પ્રદિક્ષણા ફરે
ભાથુ ભાવીનું આ રીતે ભરે.

કૃપા પ્રભુની હજુ નથી રે થઈ,
કંઈ દિવાળીઓ આવીને ગઈ!

સાફ કરે સૌ અંદરના ઘર
રાખે અમિદ્રષ્ટિ સૌની પર
પ્રેમ પૂજન કરી મેળવે સુખ
દૂર કરે જે દુઃખીઓનું દુઃખ.

શાંતિ ઘરની સૌની લૂંટાઈ રહી,
કંઈ દિવાળીઓ આવીને ગઈ!

કે'વા જોઈએ 'ચમન'ને સાચું
ભલે લાગે કોઈને કડવું ને ખાટું
હરિફાઈ ચાલી છે મંદિરોમાં જયાં
વાનગીઓ અનેક અન્નકૂટમાં ત્યાં

ભગવાન ભાવનાનો ભૂખ્યો ભઈ,
કંઈ દિવાળીઓ આવીને ગઈ!

## □ એક હાયકુ

દુઃખના આંસુ
ને સુખના આંસુને
રંગ હોય તો?

## <u>પેચ પતંગના</u>

અવકાશે
ઊડી રહ્યા રંગીન પતંગો.
ગેલ  કરતા
નમી પડતા
ઉડાડનારનું  મન  હરતા
ધાબેથી કોઈ ઢળી પડતા
પતંગ કપાતાં
થઈ જતી દોડા દોડી.

પતંગ મારો
નીકળ્યો સારો
જોનારની આંખમાં ખૂંચે
ઊડી રહ્યો એટલો  ઊંચે.

એકાએક;
ગુમાન મારું
આવ્યું શું આડુ !
મંડ્યો  લોટવા  એ
ના'વ્યો  કાબૂમાં જે-
પડ્યો જઈ પડોશીના પતંગ પર!

ગૂલાંટ મારી
પેચ લગાવી
ઊડી રહ્યો ગર્વથી  જ્યારે
મર્મ એનો સમજાયો ત્યારે!

ઢીલ  મૂકતાં   દોરીની
કપાઈ પતંગ ગોરીની!
ત્યારથી;
લડાઈ ગયા છે પેચ દિલના!!

## <u>ત્રણ હાઈકુ</u>

રડે કેમ એ,
આંસું જ ખૂટી ગયા;
પરણી એને!

લાઈટો લૅાસ-
વેગાસની, રાતને
ગળી જાય છે!

દિવો આપે છે
સૌને એનો પ્રકાશ;
રાખી અંધારું !

## ◻ રંગરાગ

આજ
ધૂળની જેમ
ઊડી રહી રંગની છોળો.
એકલવાયા
મારા મનને
શીદ આવી ઢંઢોળો ?

રંગ ઘોળ્યો દિલડું ડહોળી
ભરી પિચકારી એમાં બોળી
પણ-
રમવી કોની સંગમાં હોળી ?

આજતો,
મારેય છે રંગા'વું,
પિચકારીએ છે છંટા'વું
સંગે રમી
રંગે રમી
દિલડું મારેય છે બહેલા'વું !

ઉરના કો એકાન્તે
આવી 'એ' લઈ પિચકારી
રંગી દીધો
ભીંજવી દીધો
મને એના કસુંબલ રંગથી !
ત્યારથી-
એ રંગરાગમાં
એની સંગમાં
આજ લગી રંગાયેલ છું !!

## ◻ ત્રણ હાઈકુ

હથીયાર જો લો,
તો લો અહિંસાનું;
નહિ હિંસાનું!

પ્યાર પત્નીનો
વહેચાઈ ગયો છે;
પરિવારમાં !

સૂર્ય આપે છે
જગને એવી શક્તિ
પોતે બળીને!

##  માતમાં

શીતળતા  ચાંદની નીતરે છે માતમાં,
ઉષ્મા સૂર્યની હૂંફમાં મળે છે માતમાં.

ઊંચાઈ પર્વતોની મપાય  છે માતમાં,
પાણી પાતાળના પિવાય છે  માતમાં.

લંબાઈ નદીઓની મપાય છે માતમાં,
ઊંડાઈ  દરિયાની દેખાય છે  માતમાં.

ઉડ્ડયન પંખીઓનું મણાય  છે  માતમાં,
વફાદારી પશુઓની જણાય છે માતમાં.

ગગડાટ વાદળનો સંભળાય છે માતમાં,
હાલરડાનું સંગીત સમજાય છે માતમાં.

નમ્રતા નારીની પણ નીતરે  છે  માતમાં,
મર્દાનગી મર્દની જોવા મળે  છે  માતમાં.

સારા શિક્ષણની એક શાળા છે માતમાં,
બધા જ ધર્મોની એક માળા છે માતમાં.

ભોળપણ બાળકનું  છલકાય છે માતમાં,
ચતુરાઈ ચાણક્યની 'ચમન'છે માતમાં.

##  ચાર હાઈકુ

પતંગિયાનો
પ્રેમ પુષ્પને મળ્યો
તો ફળ મળ્યા!

રસ્તે મળતા
મિત્રો  બધા મલકે
દિલથી નહિ !

સગા-મિત્રોના
વધ્યા છે અવસાનો
આજ કાલમાં !

રાંડ્યા પહેલા
ડહાપણ લાવેતો
જાણું તું ખરી?

## ચૂંટણીના ચણા

ભારતની ચૂંટણીના સૌને મીઠા લાગે રે ચણા,
ખાવા માટે જ ભેગા થાય ચૌટે ને ચોરે ઘણા.

વોટ લેવા વાતો કરે ઉમેદવારો આવીને સારી,
રાખે નહિ સગાઈ ચૂંટાયા પછી તારી ને મારી,

પાટલી પાર્ટીની બદલતાં વાર જ લાગે નહિ,
મેવા ખાવામાં સેવાનો સમય કોને મળે અહિ !

ચૂંટણીમાં 'મુવી સ્ટારો' હવે તો ઘણા કૂદી પડે,
પ્રચાર માટે પરદેશમાંથી પણ થોડા આવી ચડે !

પૈસા લઈ પાર્ટીઓના ગાય સરઘસમાં ગાણા,
ગામના ગવારો પણ થઈ જાય ચૂંટણીમાં શાણા.

ઓળખી કેમ શકે જનતા પહેરે એવા તો વાઘા,
મહીં મહીં જે મરી પડે મૂકીને સિદ્ધાન્તો આઘા.

લોઢું ને લવારનો જે દેશમાં મેળ ન કદી પડે,
મૂંઝવી મારેલાને મારગ 'ચમન' ક્યાંથી જડે?

## ધરતી ધ્રૂજી

ધરતી
ક્યારેક ધ્રૂજી ઉઠે છે,
એના
દેહ પરના
વધતા જતા
પાપોના
ઢગલાઓના ભારથી.
કે,
એની
ભીતરના
દ્રવ્યોની લૂંટથી
આવી પડતી
નબળાઈથી,
કે પછી,
એને પણ
કો'કવાર
'ડીસકો ડાન્સ'
કરવાનું
મન થઈ જાય છે !!

## □ બળવાખોર

બળવાખોરો
ઉપાડે હથિયાર
છૂપાઈ રહી
મંદિર ને મસ્જીદમાં !
બળવો કર્યો
ગાંધીજીએ,
પણ
હથિયાર વિના
અને
ક્યાંય છૂપાયા વિના !!

## □ દેશી

વસ્તી દેશીઓની વધી પડી અહિ માનો યા ન માનો,
ખેંચે પગ એક બીજાના મહીં મહીં માનો યા ન માનો.

વખત જોઈ પી લે 'બીયર' ધોળીને બોલાવે કહી 'ડીઅર',
પાઘડી બદલતાં એને વાર લાગે નહિ માનો યા ન માનો.

મહેન્દ્ર 'માઈક' થઈ જાય ને રમા રાધાપ્રિયા થઈ ગાય,
નામ બદલવાથી જાત બદલાય નહિ માનો યા ન માનો.

દેશી આપણને ઘસીને જાય બોલાવે નહિ કદી કહી 'હાય',
મંદિરમાં જઈ મફતમાં ખાવાનું ભઈ માનો યા ન માનો.

ગુરુ કરી ધોળિયાને નમે મા જો રહેવા આવે તો ન ગમે,
મિત્રો સાથે 'વીક'માં જુગાર રમે જઈ માનો યા ન માનો.

પંચાત પારકાની ખૂબ કરે પૈસા માગતાં બૈરી ઘરમાં ડરે,
ઝગડે 'મની' માટે એ દુશ્મન થઈ માનો યા ન માનો.

કજીયા કરાવી એ આઘો રહે ગરજે ગધેડાને બાપો કહે,
સ્વાર્થ ટાણે જીભપર જાણે ગંગા વહી માનો યા ન માનો.

પેસો કમાઈ કરે દસનું જોર ગરજ પડે નાચે બનીને મોર,
છાપ દેશીની ભલા હવે બદલવી રહી માનો યા ન માનો.

દેશીના ધંધામાં દેશી પડે આડો બીજાને પાડવા ખોદે ખાડો,
પુરાઈ રહ્યા સહું નાના વાડામાં જઈ માનો યા ન માનો.

દેશીઓ સાથે પડ્યા છે પાના કેમ કરીને રહેવુ હવે છાના,
વાતો એમની કદી 'ચમન' ખૂટે નહિ માનો યા ન માનો.

##  'લવ વાયરસ'

તારો સહવાસ મારા દુખને 'ડીલીટ' કરે છે,
તારી હાજરી મારા દિવસને 'રીસેટ' કરે છે.

મૂકી છે છબી તારી મેં 'સ્ક્રીન સેવર' પર,
તું હોય છે મારી સામે ત્યારે 'હાર્ટ બીટ'કરે છે.

એકલો અટૂલો હું અકળાઈ જાઉં બહું જ્યારે ,
દિલના દ્વાર પર આવી તું ધીરે 'ક્લીક'કરે છે.

કાવા દાવામાં જ્યારે હું સપડાઈ જાઉં છું ત્યારે,
મારી નૌકાને પ્રેમ સાગરમાં તું 'નેવીગેટ'કરે છે.

વધી ગઈ છે ઈર્ષા લોકોમાં આપણા સબંધની,
તારી ખોટી વાતો કરી મિત્રો મને'કરપ્ટ'કરે છે.

પ્રેમના તાર તોડીને તું તડપાવ નહિ હવે મને,
મળવા જ્યારે આવું ત્યારે બારણા 'શટ'કરે છે.

હિમ્મત કરીને ગયો મળવા તારા પપ્પાને એટલે,
બોલું એ પહેલાં જ મને એ 'લોગ આઉટ'કરે છે.

કાઢી નાખ દિલમાંથી આ 'લવવાયરસ'ને હવે,
'સેવ' કરી રાખેલું જે 'ચમન' 'ડીલીટ'કરે છે!

##  ત્રણ હાઈકુ

પૂજારી પુણ્ય
ભેગું કરે રાત-દિ;
આરતી કરી!?

મંદિરો કેમ
છલકાઈ જાય છે
પ્રસાદ ટાણે ?

બાળકો મોટા
થઈ, સમજે નહિ
માબાપને જ !!

## □ મળવાનું થયું !

‘કોમ્પ્યુટર’ પર એને ને મારે મળવાનું થયું,
બાગ-બગીચા વગર અમારે મળવાનું થયું.

ઠંડી ગરમી કે વરસાદની કોઈ ચિંતા નથી,
ઘરમાં બેસીને જ ગમે ત્યારે મળવાનું થયું.

એને મળવા માટે જૂઠું બોલવું પડતું નથી,
‘ઈમેલ’થી જ દિવસે ને રાતે મળવાનું થયું.

છબી એની મૂકી છે ‘સ્ક્રીનસેવર’ પર હવે,
દર્શન કરી નિત એની સાથે મલકવાનું થયું.

‘આઈકૉન’ એડ્રેસનો છે હવે ‘ડેસ્કટોપ’પર,
‘ડબ્બલ ક્લીક’કરી રોજ એને લખવાનું થયું.

થઈ જાય ‘સરવર’ જ્યારે જ્યારે ‘ડાઉન’,
‘કીબોર્ડ’ પર થોડાક આંસુને પાડવાનું થયું.

વાતો એની ‘સેવ’ કરી કરી ખૂટી છે જગ્યા,
એટલેતો ‘હાર્ડડીસ્ક’ને મારે બદલવાનું થયું,

‘કટ’ ને ‘પેસ્ટ’ કરીને સમય બચાવ્યો ઘણો,
મારા કેટલાક મિત્રો સાથે એને મળવાનું થયું.

‘ઈમેલ’ એની હવે નથી આવતી કદી ‘ચમન’,
દુઃખી દિલે બધુ ‘ડીલીટ’ મારે કરવાનું થયું!!

## □ ચાલશે

મારેતો બોલવું છે એ ભલે ના બોલે તો ચાલશે,
તૂટેલા દર્પણમાં પણ છબી જોવા મળે તો ચાલશે.
રસોઈ સારી એમને ભલે આવડે કે ન આવડે,
ખીચડી જો આ ગરીબને ખાવા મળે તો ચાલશે,
ખીજાઈને મારા પર બારણા બંધ તમે ન રાખો,
કોઈક વેળા મારી તરફ નજર પડે તો ચાલશે.
નજર નીચી કરીને ચાલવું ગમે છે તમને તો બહુ,
કોઈક વેળા ખભો ખભાને જો અડે તો ચાલશે.
હોઠ બીડેલા તમારા રાખો છો સદા તમે શા માટે ?
મુસ્કાન કરીને મામલો જો માથે ચડે તો ચાલશે.
અંતિમ વેળાયે ‘ચમન’ મારે એમને ક્યાં ખોળવા?
મારી કબર પર આંસુ એમનાં જો સરે તો ચાલશે!

## □ તમારા ગયા પછી !

ઘરમાં લાગે છે બધુ શૂન સાન, તમારા ગયા પછી,
અકળાઈ રહ્યો એકલો આજ, તમારા ગયા પછી!

પથારીમાં પડતાં જ ઊંઘ જે મને આવતી હતી,
ઊડી ગઈ કોણ જાણે એ આજ, તમારા ગયા પછી!

બપોરની નીંદ પછી ચા મસાલાની જે મળતી’તી,
ન શિખ્યાના થયા છે બે હાલ, તમારા ગયા પછી!

ખાવા મળે છે ખૂબ વાનગીઓ આપણા મિત્રોને ત્યાં,
ઊડી ગયો છે રસોઈનો સ્વાદ, તમારા ગયા પછી!

લખવાનું મળશે મોકળાશે ઘણુ-બધુ હતુ જે મને,
કલમ મારી રહે છે ઉદાસ, તમારા ગયા પછી!

પી લઉ છું બિયર બે-ચાર ઓફિસથી આવી ક્યારેક,
નથી થતી નશાની કોઈ અસર, તમારા ગયા પછી!

સમજાઈ નથી જે વાત તમારી મને આજ સુધી,
ઉતરી ગઇ છે ગળે એ વાત, તમારા ગયા પછી!

મિત્રો ભલેને કહે ‘ચમન’ લાગે છે પત્નીમાં પાગલ,
સમજાઈ છે મને સ્નેહની વાત, તમારા ગયા પછી!

## □ ગળવો જોઈએ

છબી એક દિલમાં જરા રાખો જોઈએ,
પ્રેમ રસને કદિક ભલા ચાખો જોઈએ.

દિલની ગરમીને ભલા માપો જોઈએ,
દવા નહિ તમારી દયા આપો જોઈએ.

થયું શું એવું કે રિસાઈ ગઈ તું મારાથી,
આજે મારે તારો બધો ખુલાસો જોઈએ.

એકલો અંદરથી બળી રહ્યો છું એવો,
તારી અમી દ્રષ્ટિનો પલકારો જોઈએ.

સત્યને આ જીવન વળગી રહ્યો એવો,
એને સમજવાની તારી પરખો જોઈએ.

કોઈએ જો કોઈનું દિલ દુભાવ્યું હોયતો,
કો’કદિ ભલાઈનો વિચાર કરવો જોઈએ.

ઠેકાણું નથી જેનું આ ધરતી પર ‘ચમન’
ઘૂંટડો કડવો તારે હવે ગળવો જોઈએ !

## □ નથી પરવા!

પરવાનાને કદીયે બળવાનીયે નથી પરવા,
મજનુઓને કદીયે મરવાનીયે નથી પરવા.

ડરોના કદી તમે કોઈના પણ કટુ વચનોથી ,
ગુલાબ ચૂંટનારને કદી કાંટાનીયે નથી પરવા.

સગાઈ સ્વાર્થની કદી સાચવી નથી શકાઈ,
પ્રેમ મળે જો સાચો તો પૈસાનીયે નથી પરવા.

પિવડાવી દે સાકી બે ચાર પ્યાલી આજ તું મને,
વેદનાઓ ભૂલી શકુ તો નશાનીયે નથી પરવા.

વગોવાઈ જાય છે માનવી હોય છે જે સાચો,
પાપ કરનારને કદી ઈશ્વરનીયે નથી પરવા.

જવું છે છોડી જેને પ્રપંચી આ દુનિયાદારીથી,
સુરા કે સુંદરીઓના જેને સાથનીયે નથી પરવા.

કરમાઈ જઈને પણ ફુલ આપી જાય છે અરક,
સરહદપરના સૈનિકને મરવાનીયે નથી પરવા.

આવીયે જિંદગી હોંશથી વિતાવી રહ્યો 'ચમન',
ખુદનીયે નથી પરવા કે કોઈનીયે નથી પરવા!

નિર્થક સાચવી રહ્યો છે આ શરીરને 'ચમન',
મરણ પછી જેને તારા કફનનીયે નથી પરવા !

## □ ખાના પડતા હૈ !

બીબી બોલે યા ન બોલે હમે તો બોલના પડતા હૈ,
જોક્સ, ગાને ઔર મુવીસે સમય બીતાના પડતા હૈ.

કભી ટ્રેઈન,કભી બસ,કભી પૈરપર ચલના પડતા હૈ,
'ટોઈલેટ'કેલીયે યુરોપમે હમે પૈસે નિકાલના પડતા હૈ.

પોકેટમારોસે ભી હમે ખૂબ સાવધાન રહના પડતા હૈ,
એક્સચેન્જમે ભી હમે ભારી કમીશન દેના પડતા હૈ.

બાનુઓકો શોપીંગકે લીયે સમય ખૂબ કમ પડતા હૈ,
બાર બાર મરદોકો વોલેટસે પૈસે નિકાલના પડતા હૈ.

ઇટલીમે આતેહી એન્ટોનીઓકો બ્રેક લગાના પડતા હૈ,
ઓવરટેઈક કરને વાલોકોભી સબક શીખાના પડતા હૈ.

અનીલભાઈકોભી હમે બાર બાર સમજાના પડતા હૈ,
ક્યા કરે 'ચમન' જો મિલે વો હમેતો ખાના પડતા હૈ !
(યુરોપના પ્રવાસમાં )

## □ એક ગઝલ

ઘાયલ હરણની ચીસ એટલે ગઝલ
પંખીની ચાંચની 'કીસ' એટલે ગઝલ

બંધનોના ખેચની ભીસ એટલે ગઝલ
મહીં મહીં રખાતી રીસ એટલે ગઝલ

ઘાયલ સૈનિકની ચીસ એટલે ગઝલ
વતનની ધૂળની 'કીસ' એટલે ગઝલ

યુદ્ધના ભયની ભીસ એટલે ગઝલ
'ક્વેક'માં ધરતીની રીસ એટલે ગઝલ

બાળ વિધવાની ચીસ એટલે ગઝલ
આકાશ ધરતીની 'કીસ' એટલે ગઝલ

નાણા વગરની ભીસ એટલે ગઝલ
પાડોશી પરની રીસ એટલે ગઝલ

'કીડનેપ' બાળાની ચીસ એટલે ગઝલ
ભાલપર માતાની 'કીસ' એટલે ગઝલ

'કેન્સર'ના ભયની ભીસ એટલે ગઝલ
'ફ્લડમાં' મેઘની રીસ એટલે ગઝલ

બાળાત્કારે સ્ત્રીની ચીસ એટલે ગઝલ
પ્રિયાના ઓષ્ઠની 'કીસ' એટલે ગઝલ

'લેઓફ'થી મળતી ભીસ એટલે ગઝલ
ક્યારેક પત્નીની રીસ એટલે ગઝલ

## □ ત્રણ હાઈકુ

બાળકો થઈ
મોટા, સમજે નહિ
સ્વજનોને જ !!

પડે છે જૂતાં
જશને માથે, તોયે
ન સુધરીએ!!

પાણી પહેલાં
પાળ બાંધવા માટે
તક મળેતા ?

## □ મારે શું કરવું?

પુષ્પ ભલે હોય રંગીન, ચૂંટી  મારે  શું  કરવું?
નથી જેમાં જરીયે સુવાસ,સુંઘી મારે  શું કરવું?

નયન તમારા લાગે જાણે પ્યાલી એક શરાબની,
બોટલ ખાલી  બજારની, ખરીદી  મારે  શું કરવું?

રૂપ આપ્યું  અવિનાશે ખુલ્લા હાથે ભલે તમને,
મલિન કરે જે મારા મનને,  મોહી મારે શું કરવું?

ગીતો ગાઓ ભલે તમે કોકિલ તમારા  કંઠેથી,
ન સમજી શકું જે રાગને, ગાઈ મારે  શું  કરવું?

લખી નાખ્યું ઉતાવળમાં લખ્યું છે તમે અંતમાં ,
સમજાય ના એવા પત્રોને, વાંચી મારે શું કરવું?

મજા છે તાપની જો તાપણી  ચેતાવનારા  મળે,
પાણી રેડ્યા પછી નાહક, ફૂકી  મારે  શું  કરવું?

દર્દ આપી  ગયા એવું અંતિમ  વેળાયે  ‘ચમન’
દિલના  એ દર્દ પર  દવા, મૂકી મારે શું કરવું?

## □ કહેવું મારે કોને ?

કહેવું મારે કોને જઇ રે
ન બોલું તો બળી જાય મહીં  મહીં રે !
કહેવું મારે કોને જઇ રે.

મિચાય આંખડી ત્યાં સોણલામાં આવી સતાવે
કેમ છટકી શકાય  જાળ ભ્રમણાની એ બીછાવે
મનસાગરમાં વમળો પેદા કરી ગઈ રે
કહેવું મારે કોને જઇ રે.

શા કામ મારા પર આટલો સ્નેહ તમે વરસાવ્યો
પરબડી પાસે બેસાડીને પાણી વિના તલસાવ્યો
વેદના મારી આંસુડે  છલકાઇ રહી રે
કહેવું મારે કોને જઇ રે.

ઘેરાયું ગગન ચોમેરથી ને ટહૂકાર મયૂરના સંભળાય
ધરતી પ્રકૃતિ ને માનવના દિલ આનંદથી ઊભરાય
મારા ઉરમાં હલચલ હજુ નથી થઇ રે
કહેવું મારે કોને જઇ રે.

## **કેમ રે સમજાવું!**

કેમ કરીને મારે એનેરે સમજાવું
મારા દિલની વાત કેમરે સમજાવું
તાલ વિનાનું ગીત રોજ મારે ગાવું
મારા દિલની વાત કેમરે સમજાવું?

પિરસી હોય ભલેને પ્રેમથી થાળી
ભરી મૂકી હોય છોને દૂધની ઝારી
ભૂખ વિનાનું ભોજન નથી રે ખાવું
મારા દિલની વાત કેમરે સમજાવું?

ભલે ભોળી ને છો હોય ભાગ્યવાન
માયાળું મુખડું ને હોય ગોરો વાન
હેત ઉછીનું લઈ હું કેમરે વરસાવું
મારા દિલની વાત કેમરે સમજાવું?

જુગલ જોડી વિના જીવતર ખારું
ન જાય જીવન બાંધી મુખપર તાળું
અંધકારને વળી ઓરંગી મારે જાવું
મારા દિલની વાત કેમરે સમજાવું?

કંઈ બહારો આવીને જાય છે ચાલી
નથી દેખાયો ચમનમાં હજીયે માળી

એક મ્યાનમાં બે તલવારને સમાવું
મારા દિલની વાત કેમરે સમજાવું?

## **મેં દિલ દીધું ના હોત !**

મેં દિલ દીધું ના હોત !
પ્રિયે તું મળી ના હોત !

પાંપણના પલકારે મન વશ થયું ના હોત!
પ્રિયે તું મળી ના હોત !

ઉરના અંધકારને ટાર્યો સ્નેહ જયોતથી તારા
ઝીલી લીધાં પાલવમાં છલક્યા દુઃખ જે મારા.

જીવન અર્પ્યું ના હોત !
પ્રિયે તું મળી ના હોત !

ગાજી ઉઠયું ઘર મારું કંકણના રણકારથી,
ફૂલ ખિલ્યાં ઉપવનમાં તારા સહકારથી.

બહાર ખિલી ના હોત !
પ્રિયે તું મળી ના હોત !

## ve; l mFh !

;th bjf; Yvt¤ bF h !
rl ;rl ; yl rlhF A ;tg-
l stgtl rl ; :tg '&F h !.........;th.

vjf vjf : ;e vtvK ; ;t
rJãe hne Je sKt nblt,
vblt vMJ' vh : ;e yle
ymh mbstJ n fblt ?

ftbKdthe fefel ftXz cme
m;t»tJe ngtle CF h ! ...........;th.

rMb; ntX vh Aj ftJe dthe ;
bãJKbt bl bfe ';e.
stg r'Jm rJathtbt ;tht l
ht; mtKjtbt jvxe j ;e!

btht bl br'hbt bfeN J¥;
rv; l fgth ; mF h ! ........... ;th.

0 aebl vxj 'abl¥
21b¥65

## rvg !

rvg, N fn Jt;! ng bth ;s rJlt
ht;-r' fh Watx.
rvg, N fn Jt;!

SJl bth Jne atÕg yfjJtg yts,
mbstg lrn h bsl rhmtE dE Nt fts?
rbjlle ra;tbt b ;t MtfJe 'ete st; !
rvg, N fn Jt;!

Lt'elt lehbt Lnt;t a' rfhKt stE,
rflth cme rJath btht bll FtE.
vfr; le ytZrKg AvtE m'h Ct; !
rvg, N fn Jt;!

MtC¤tJ fb fhel r'j-JeKtltmh,
fh clel sE cZe btht:e Fc 'h.
MttKjtbt m;t bfel Mthe stg A ht; !
rvg, N fn Jt;!

0 aebl vxj 'abl¥
12-24-¥64

## ☐ સંતાપ

શણગાર સજીને તું અરિસા આગળ આવશે,
જોબનિયું ખિલેલું જોઈ  મુખ તારું મલકાશે,
તને ત્યારે કોઈની યાદ સતાવી જાશે.

વૃક્ષડાળ પર બેસી પ્યાર કરતાં પારેવા જોઈને,
સૂકા ઓષ્ટ પરથી સરી જશે ગીત તારું રોઈને,
તને ત્યારે કોઈની યાદ સતાવી જાશે.

ઊંઘ ઊડી જતાં અગાસીમાં આવી ઉભી રે'શે,
ચમકતો કોઈક તારલો ગગનમાંથી ખરી જશે,
તને ત્યારે કોઈની યાદ સતાવી જાશે.

બહાર આવેલી જોઈ યુવાનો ચમનમાં ઉભરાશે,
ખભે ખભા મિલાવી એમનો પ્યાર જ્યારે રેલાશે,
તને ત્યારે કોઈની યાદ સતાવી જાશે.

શરણાઈના સૂરમાંથી કોઈના લગ્નગીતો રેલાશે,
બે યુવાન હૈયાના મિલનની વાતો જ્યારે ફેલાશે,
તને ત્યારે કોઈની યાદ સતાવી જાશે.

## ☐ શાને થઈ ઘેલી !

અલી  શાને થઈ ઘેલી !
હેત વરસાવે વ્હાલા પર ધરતી પર જેમ  હેલી!
અલી શાને થઈ ઘેલી !

મુલાયમ  મુખપર એના ના ચુંબનનો કંઈ પાર,
નજરું લાગશે લાડકાને, કાઢીશ નહિ કંઈ સાર!
અનુભવની ડાયરીમાંથી-
વાત કહી  તને  વે'લી,
અલી શાને થઈ ઘેલી !

ધવડાવતાં  ધવડાવતાં  તું  મહીં  મહીં  મલકાતી,
હાથ ફરી રહ્યો શિરપર ને શેરો દૂધડે છલકાતી.
અમીરસનું પાન કરતાં કરતાં-
મીચાઈ ગઈ આંખ વે'લી,
અલી  શાને  થઈ  ઘેલી !
ભૂલી ગઈ ખુદને મૂઈ  તને એને  રાખી  બાંધી,
તમ ઉભય દિલની ચિરાડ એને જ આવી સાંધી!
ઢળી રહી સંધ્યા  પેલી,
અલી શાને  થઈ  ઘેલી !

## □ <u>શાંતિ</u>

જયારે હું બાળક હતો ત્યારે મિત્રો સાથે રમતો,
મારા મિત્રવૃંદમાં બધાને હું બહુ જ હતો ગમતો.

હિન્દુ,મુસ્લિમ ને ખ્રિસ્તીની જાત નો’તી જડી,
અમારી રમતોમાં અમને દુનિયાની નો’તી પડી,

તકરાર થાય છે મહિ મહિ મોટો થયો છું ત્યારે,
ભગવાનના ભૂલકાઓમાં ભેદ કેમ રાખવો મારે.

વાડાઓ વધી ગયા છે બની ગયા સૌ બહું જ્ઞાની,
સંત મહંતની વાણીમાં જનતા ગઈ છે ભરમાણી.

મંદિરો ને મસ્જિદો પાછળ પૈસાના થાય છે પાણી,
દુઃખના દરિયામાંથી કોઈ નહિ લાવે તમને તાણી.

વાગ્યા વગર નહિ સમજાય કોઈ ને મારી વાણી,
ખુદની શાંતિની ‘ચમન’ થઈ રહી છે જયાં ઘાણી!

## □ <u>ત્રણ નમન</u> !

નમન છે- એ નર વિરોને !

માતની રક્ષા કરતાં
સરહદ પર જઈને મરતાં
ઝીલી છે છાતીએ ગોળી
ઘર-બાર પોતાના છોડી.
નમન છે, એ શેરે દિલ શહિદોને !

નમન છે- એ વિધવા બહેનોને !

આંખના આંસુ લૂછીને
માથાનો સુહાગ ભૂસીને
ચમન ખુદનો ઉજ્જડ કરી
સુવાસ બધે ફેલાવી રહી.
નમન છે, એ નર -વીરોની નારીઓને !

નમન છે- એમની માતાઓને !

ઉજાળી કૂખ પોતાની એમણે
આપી ને વીર સૂપૂતો જેમણે
શિર નમે છે,
દિલ નમે છે,
એ માતાઓની ઉર ઉમિદોને !
દિલ નમે છે!
શિર નમે છે !!

##  ઉકળાટ

ક્યાંય આછોય વર્ષાનો ભાર નથી,
એ વાતનો સહુ દિલમાં ઉચાટ છે.

ઋતુનો ન જણાય ક્યાંય રે અણસાર,
ને ગગનમાં ન વાદળનો ગગડાટ છે!

કોના પાપે રે વરસે ન આજ વાદળી,
અનિલની લે'રીએ ખેંચાઈ જે જાય છે.

પશુ, પક્ષી ને ધરતીની  વેદના
જોઈનેય નવ એને કંઈ થાય છે !

વેદના વધારીનેય એ તો વરસી ગયો;
ઉકળાટ ઉરનો  ઉરમાં જ રહી ગયો !!

( 'સૌરાષ્ટ્ર સમાચાર'ના તારીખ ૨૦/૭/૬૫ ના અંકમાં પ્રગટ)

##  કંટ્રોલ

'કંટ્રોલ
ટીવીનો
ક્યાં મૂક્યો છે ?'
પૂછયું પત્નીએ જયારે
ઠંડા કલેજે
મેં કહ્યું;
કંટ્રોલ
મારો તો
તમારી પાસે છે !!

## □ <u>કૂતરાઓ</u>

રીટાયર્ડ થઈ
રક્ષા માટે
મેં એક કૂતરો આણ્યો.
વહેલી સવારે
એને લઈને
ચાલવા નિકળ્યો ત્યારે,
પાડોશીના કૂતરાઓએ
જોરથી ભસવાનું શરું કરી દીધું!
શું એ,
મારા કૂતરાનું સ્વાગત કરતા હશે?
કે પછી,
ઈર્ષામાં આવી એને ધિક્કારતા હશે?
જે હોય તે,
એ બધા,
મારા કૂતરાની સન્મુખ ભસી ગયા છે!

માનવો વચ્ચે પણ,
આવું જ જો બનતું હોય તો કેવું સારું !!

## □ <u>મલકાટ</u>

મિત્રો
મલકાય છે
જયારે
સામે મળે.
શું
દિલ
એમનું
મલકાતું
હશે
એ જ પળે ?

## □ <u>મૃત્યું પછી !</u>

મૃત્યું પછી,
ઘડીભર માટે
જો
મરનારના
આંખ અને કાન
ખૂલે તો
એને
સ્વજનોના
આંસુ તો જોવા મળે !
અને,
વાણી પણ સાંભળવા મળે !

## **□ એક કાગળ**

પહેલી વાર,
પત્નીને
એક કાગળ
'શ્રેડ' કરતાં જોઇ
મેં પૂછ્યું;
'આ ઉંમરે,
એવું તે શું ખાનગી હતું ?!'

પત્ની બોલી;
'વ્હેમનું ઓસડ નથી હોતું
એટલે જ કહું છું.
સત્યનારાયણ કથાનો સાર
સારા અક્ષરે લખ્યા પછી
'રફ' કોપીને
'ગારબેજ'માં નાખવાને બદલે
'શ્રેડ' કરવાનું મને ઉચિત લાગ્યું.'

મને તો,
કપાતા-ચીરાતા,
એ કાગળની કારમી ચીસો
'શ્રેડર'ના એ અવાજમાં
સાંભળવા મળી !!

## **□ રવિવારે**

રવિવારે
વહેલો ઉઠીને
મારો ચા-નાસ્તો
હું જ બનાવી લઈ
એકલો એકલો આરોગી લઉ છું.

આજે,
કોણ જાણે
મને શું થયું કે,
મારા ચા-નાસ્તાના વાસણો
સાફ કરીને ગોઠવી પણ દીધા !

રસોડામાં પગ મૂકતાં
ધર્મપત્ની બોલી-
'ચા-પાણી પતાવ્યા કે બાકી !?'
'પતાવી દીધા પણ, કેમ પૂછવું પડ્યું ?'
'સીન્કમાં વાસણો તો દેખાતા નથી !'

ઠંડા કલેજે મેં કહ્યું-
ધીરે ધીરે
મારા ખાતામાં
થોડા 'પ્લસ પોઈન્ટ'
ભેગા કરવા લાગુંને હવે !!

**▯ વસ્ત્રો**

કદરૂપ શરીર
આકર્ષક વસ્ત્રોમાં
ઢંકાઈ જાય છે !
મલિન મનને
ઢાંકવા
વસ્ત્રો
મારે ક્યાંથી લાવવા !

**▯ થોડાં હાયકુ**

પત્નીના બાણ
જેને વાગ્યા હોય તે
વેદના જાણે!!

સો દિવસ તો
વહુના ને એક દિ
સાસુનો હવે !!

ચોરની મા તો
કોઠીમાં કે કોર્ટમાં
બેસીને રડે !?

સ્વજન ગયા
પછી સમજાય છે;
સાચી સગાઈ!

નજર મળી,
પ્રેમ થયો, તો પછી-
આંધળો કેમ ?

‘ સુનામી’ પછી,
સમજાયો સહુને;
પાણી-પ્રકોપ !

પરણ્યા પછી
પસ્તાયા, રંડાયા ને,
ફરી પરણ્યા !

વાતો કે’નારા
ખૂબ, સાંભળનારા
બહુજ ઓછા !

000